ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં ભરઉનાળે અષાઢી માહોલ વચ્ચે મેઘરાજાની પધરામણી

# કુદરતનો અણધાર્યો વળાંક : ખેતીના પાકને નુકસાનની ભીતિથી ખેડૂતોના જીવ અધ્ધર

**ગાજવીજ અને** વીજળીના કડાકા સાથે કમોસમી વરસાદી ઝાપટાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.3

ગુજરાતમાં જ્યારે કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ચૂકી છે, ત્યારે આણંદ - ખેડા જિલ્લાના વાતાવરણમાં એકાએક મોટો પલટો જોવા મળ્યો છે. સમગ્ર પંથકમાં વાદળછાયું વાતાવરણ સર્જાયા બાદ નડિયાદ અને ખાસ કરીને માતર પંથકમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદી ઝાપટાં પડ્યાં હતાં.



આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં ઉનાળાની સિઝન વચ્ચે અચાનક સર્જાયેલા આ વરસાદી માહોલને કારણે માર્ગો ભીના થયા હતા અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી, જોકે આ અણધાર્યા વરસાદે ખેડૂતોની ચિંતામાં મોટો વધારો કર્યો છે.

નડિયાદ શહેરમાં સવારથી જ અસહ્ય ઉકળાટ અનુભવાતો હતો, પરંતુ સાંજ પડતાની સાથે જ આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું. સાંજે 5:30 વાગ્યાના અરસામાં હળવા વરસાદી છાંટા પડવાનું શરૂ થયું હતું. બીજી તરફ, માતર તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં કુદરતનો મિજાજ વધુ આક્રમક જણાયો હતો.

માતર પંથકમાં વીજળીના કડાકા સાથે વરસાદ માતરના ભલાડા, સાયલા અને શેખુપુર સહિતના ગ્રામીણ વિસ્તારોમાં ગાજવીજ અને વીજળીના તેજ લિસોટા સાથે વરસાદ તૂટી પડ્યો હતો. ભર ઉનાળે ચોમાસા જેવો અનુભવ થતા ગ્રામજનોમાં કુતૂહલ સાથે ફાળ પડી હતી. માર્ગો પર પાણી ફરી વળતા જનજીવન પ્રભાવિત થયું હતું.

વધુમાં, નિષ્ણાતો માની રહ્યા છે કે આ પ્રકારે બદલાયેલી ઋતુને કારણે સર્જાયેલું મિશ્ર વાતાવરણ રોગચાળાને આમંત્રણ આપી શકે છે. સમગ્ર જિલ્લામાં હાલ તો કુદરતી વાતાવરણમાં આવેલા આ અનપેક્ષિત બદલાવ અને તેની અસરો અંગે ચર્ચાઓ જાગી છે. આ કમોસમી વરસાદ ખેતીવાડી ક્ષેત્રે માઠી અસર કરી શકે છે. ખાસ કરીને ઉનાળુ પાક અને ફળાદીના પાકને આ વરસાદી ઝાપટાંથી નુકસાન થવાની પૂરેપૂરી સંભાવના છે.

# બોરસદ ભાજપમાં ટિકિટ માટે અંદરો અંદર ગળાકાપ હરિફાઈ

**દાવેદારોમાંથી** પક્ષ કોના પર પસંદગીનો કળશ ઢોળશે ? તેના પર સૌની નજર

(પ્રતિનિધિ) બોરસદ તા 3

ગુજરાત રાજ્ય ચૂંટણી પંચે આગામી 26 એપ્રિલ, 2026ના રોજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. આ જાહેરાત બાદ બોરસદ શહેર અને તાલુકાના તમામ ગ્રામ્ય પંથકમાં રાજકીય ગરમાવો તેજ બન્યો છે. ખાસ કરીને સત્તાધારી ભારતીય જનતા પાર્ટીમાં ટિકિટ મેળવવા માટે કાર્યકરોમાં ભારે હોડ જામી છે, જેના કારણે દાવેદારોનો રાફડો ફાટ્યો છે.

તાલુકા ભાજપના સુત્રોએ જણાવ્યું હતું કે સંગઠન સ્તરે દાવેદારોની સંખ્યા નોંધપાત્ર છે. જિલ્લા પંચાયતની 9 બેઠકો માટે 35થી વધુ આશાસ્પદ ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવી છે.જ્યારે તાલુકા પંચાયતની 34 બેઠકો માટે ઉમેદવારોનો મોટો ઉછાળો જોવા મળ્યો છે, જેમાં કુલ 100 જેટલા કાર્યકરોએ ચૂંટણી લડવાની તૈયારી દર્શાવી છે.

બોરસદ શહેરના રાજકારણમાં પણ આવી જ સ્થિતિ પ્રવર્તી રહી છે. બોરસદ શહેર ભાજપના સંગઠન પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ બોરસદ નગરપાલિકાના કુલ 9 વોર્ડની 36 બેઠકો માટે 150થી વધુ કાર્યકરોએ દાવેદારી કરી છે. પરિણામે સરેરાશ એક બેઠક પર 5-7 ઉમેદવારો ટિકિટ માટે મેદાનમાં છે.

આગામી 26 એપ્રિલે યોજાનાર મતદાની સાથે સાથે પ્રારંભિક પ્રક્રિયા માટે હવે ગણતરીના કલાકો જ બાકી છે. આટલી મોટી સંખ્યામાં આવેલા દાવેદારોમાંથી પક્ષ કોના પર પસંદગીનો કળશ ઢોળશે તેના પર સૌની નજર છે. ઉમેદવારોની આ લાંબી યાદી પક્ષની લોકપ્રિયતા દર્શાવે છે, પરંતુ ટિકિટ ફાળવણી બાદ આંતરિક અસંતોષ ન સર્જાય તે સંગઠન માટે એક મોટો પડકાર બની રહેશે.

આણંદમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની ઉમેદવારી માટે ત્રણ દિવસથી લેવાતી સેન્સમાં દાવેદારોની પડાપડીને કારણે મોવડી મંડળ પણ ભારે વિસામણમાં મુકાયું છે.

# લગનના નામે ₹2.50 લાખ પડાવી 'દુલ્હન' રફુચક્કર

**પગફેરાના રિવાજનું** બહાનું કાઢી સાસરીમાંથી ભાગી છૂટી

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.3

બાલાસિનોર તાલુકાના બાવલા ગામે એક લગ્ન વાંછુક યુવક સાથે અઢી લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

બાવલામાં રહેતા રંગીત અમરાભાઈ પરમારના અગાઉ છૂટાછેડા થઈ ગયા હોવાથી તેઓ ફરી લગ્ન કરવા ઈચ્છતા હતા. આ દરમિયાન ગામના ભાથીભાઈ પરમારે તેમને યુવતી બતાવી હતી અને લગ્ન કરવા માટે છોકરીના પરિવારને અઢી લાખ રોકડા આપવાની શરત મૂકી હતી. રંગીતભાઈએ આ શરત માન્ય રાખતા ગત પહેલી ડિસેમ્બર, 2025ના રોજ ભાથીભાઈ, દશરથભાઈ અને ગીતાબેન ચૌહાણ રાજસ્થાનની રેણુકા નામની કન્યાને લઈને આવ્યા હતા. યુવકના પરિવારે કન્યા પસંદ આવતા રોકડ રકમ આપી હતી અને ફુલહારની વિધિ સાથે લગ્ન સંપન્ન થયા હતા.

જોકે, લગ્ન બાદ રેણુકા દોઢ માસ સુધી સાસરીમાં રહી હતી. બાદમાં દશરથભાઈ 'વરતા પગલા'ના રિવાજનું બહાનું કાઢી રેણુકાને બે-ત્રણ દિવસ માટે પિયર તેડી ગયા હતા. પરંતુ લાંબો સમય થવા છતાં પત્ની પરત ન આવતા અને સાસરી પક્ષ દ્વારા ગલ્લાતલ્લા કરવામાં આવતા રંગીતભાઈને છેતરપિંડીનો અહેસાસ થયો હતો. જ્યારે યુવકે પોલીસ ફરિયાદની ચીમકી આપી, ત્યારે સામે પક્ષે તેમને જ ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. અંતે, રંગીતભાઈએ લુટેરી દુલ્હન સહિત ત્રણ સામે બાલાસિનોર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# ડાકોરમાં મૂર્તિ વેચતા ફેરિયાને આવકવેરા વિભાગે ₹19.84 કરોડની નોટિસ ફટકારી!

**નાણાકીય વર્ષ 2021-** 22 અને 2022-23 માટે જંગી રકમની ઉઘરાણી કાઢવામાં આવી

(પ્રતિનિધિ) નડિયાદ તા.3

ડાકોરના ગોમતી ઘાટ પર પ્લાસ્ટિકની મૂર્તિઓ વેચીને માંડ ગુજરાન ચલાવતા એક શ્રમિક પરિવાર પર આભ ફાટ્યું છે. પેટલાદ ઈન્કમટેક્સ વિભાગ દ્વારા આ ગરીબ ફેરિયાને બે વર્ષના મળીને કુલ રૂ. 19.84 કરોડની નોટિસ ફટકારવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

ડાકોરના ડુંગળા ભાગોળ વિસ્તારમાં સત્યનારાયણ મંદિર સામે ભાડાના મકાનમાં રહેતા



ચિરાગ જગદીશ ભૈયા ગોમતી ઘાટ પર છૂટક મૂર્તિઓ વેચીને પોતાનું અને પરિવારનું પેટ ભરે છે. તેમને રજીસ્ટર પોસ્ટ મારફતે મળેલી નોટિસ મુજબ, નાણાકીય વર્ષ 2021-22 માટે રૂ. 11.86 કરોડ અને વર્ષ 2022-23 માટે રૂ. 7.98 કરોડની લેણી રકમ દર્શાવવામાં આવી છે. આમ, કુલ મળીને અંદાજે 19.84 કરોડ રૂપિયાની ઉઘરાણી કાઢવામાં આવી છે.

ચિરાગભાઈ પોતે અભણ હોવાથી શરૂઆતમાં તેમને આ નોટિસની ગંભીરતા સમજાઈ નહોતી, પરંતુ જ્યારે જાણકાર લોકો પાસે તપાસ કરાવી ત્યારે કરોડોના આંકડા સાંભળી તેઓ ફસડાઈ પડ્યા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે, જે ટપાલના કવરમાં આ નોટિસ મોકલવામાં આવી હતી, તેના પર જ રૂ. 5,500ની ટિકિટો લગાડવામાં આવી હતી. આ રકમ કદાચ આ શ્રમિકની આખા મહિનાની કમાણી કરતા પણ વધારે હોઈ શકે છે. માંડ દિવસના બસો-પાંચસો રૂપિયા કમાતા અને જેની પાસે કોઈ મોટી મિલકત કે બેંક બેલેન્સ નથી, તેવા નિર્દોષ શ્રમિકના નામે આટલા મોટા વ્યવહારો કેવી રીતે દર્શાવવામાં આવ્યા તે એક મોટો પ્રશ્ન છે. ઈન્કમટેક્સ વિભાગ દ્વારા કોઈપણ પાયાની તપાસ વગર જારી કરાયેલી આ નોટિસને કારણે ગરીબ ફેરિયો હાલ ભારે માનસિક તણાવમાં આવી ગયો છે અને ન્યાય માટે આજીજી કરી રહ્યો છે. તંત્રની આ આંકડાકીય માયાજાળ અને અંધેર વહીવટ સામે સ્થાનિક લોકોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# પોલીસની ઉંઘ હરામ કરનારા 2 તસ્કર પકડાયાં

**લોકલ ક્રાઇમ બ્રાંચે** પકડેલાં બન્ને શખસે 5 ઘરફોડ કબુલી

(પ્રતિનિધિ) લુણાવાડા તા.3

મહીસાગર જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી વધતી જતી મિલકત સંબંધી ગુનાખોરીને ડામવા માટે લોકલ ક્રાઇમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. પોલીસે બાતમીના આધારે બાલાસિનોર વિસ્તારમાંથી બે શંકાસ્પદ ઈસમોને ઝડપી પાડી, લાંબા સમયથી વણશોધાયેલા પાંચ જેટલા ઘરફોડ ચોરીના ગુનાઓનો પર્દાફાશ કર્યો છે.

મહીસાગર લોકલ ક્રાઇમ બ્રાંચ સ્ટાફ જ્યારે પેટ્રોલીંગમાં હતો, ત્યારે બાલાસિનોર જીઆઈડીસી વિસ્તારમાં બે શંકાસ્પદ ઈસમો ચોરીના દાગીના વેચવાની ફિરાકમાં હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી જશપાલસીંગ ઈશ્વરસીંગ રાઠોડ (રહે. બાલાસિનોર) અને બલરાજસીંગ ઉર્ફે ડોન મોહનસિંગ શીખ (રહે. હવઘરવાસ, મહેમદાવાદ) ને ઝડપી પાડ્યા હતા.આ શખસોની તલાશી લેતા તેઓની પાસેથી સોના-ચાંદીના દાગીના ભરેલી બેગ મળી આવી હતી.

આથી, પોલીસે આગવી ઢબે પૂછપરછ કરતાં તેઓ બંધ મકાનોના નકુચા કાપી અને તિજોરીઓના લોક તોડીને ચોરીની ઘટનાઓને અંજામ આપતા હતા. આ ધરપકડ સાથે લુણાવાડા અને બાલાસિનોર પંથકની પાંચ ચોરીનો ભેદ ઉકેલાયો છે. આ અંગે પોલીસે મુદ્દામાલ રિકવર માટે તપાસ હાથ ધરી છે. જેના માટે રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

## 'જીવંત ક્રૂસના માર્ગ' દ્વારા પ્રભુ ઈસુના બલિદાનનું ભાવભીનું સ્મરણ



નડિયાદના ક્રાઇષ્ટ ધ કિંગ ચર્ચમાં પવિત્ર ગુડ ફ્રાયડે નિમિત્તે ડભાણના યુવકો દ્વારા ઈસુની પીડાને જીવંત રૂપે રજૂ કરાઈ હતી. ફાધર જોસેફ અપ્પાઉએ માનવ કલ્યાણ કાજે ઈસુના બલિદાનને યાદ કરી તેમના મૂલ્યોને અનુસરવા અને પ્રાર્થના કરવા પર ભાર મૂક્યો હતો. પવિત્ર ગુરુવારે દિવ્યાંગો અને પથારીવશ લોકોના પગ ધોવાની વિધિ દ્વારા સમાજમાં પરસ્પર પ્રેમ અને સેવાનો સંદેશ ફેલાવાયો હતો. જિલ્લાના વિવિધ ચર્ચોમાં મોટી સંખ્યામાં ખ્રિસ્તી ભાઈ-બહેનોએ ઉમટી પડી ઉપવાસ, પ્રાર્થના અને મહાવ્યથાના કથાનું શ્રવણ કર્યું હતું. - **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

## લુણાવાડાના મંદિરમાં દાનપેટીની ચોરાઇ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.3

લુણાવાડાના જેસીંગપુર ગામે આવેલા કુવારાદેવ મહાદેવ મંદિરમાં ધોળા દિવસે ચોરીનો ચકચારી કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

પોલીસ સૂત્રો અને મંદિરના પૂજારી પાસેથી મળતી માહિતી મુજબ, 1લી એપ્રિલ 2026ના રોજ સવારે સાત વાગ્યે પૂજારી વશિષ્ઠ સેવક મંદિરે પૂજા કરવા ગયા હતા. સવારે સાડા આઠ વાગ્યે તેઓ પૂજા પતાવી પરત ફર્યા બાદ જાણવા મળ્યું હતું કે મંદિરમાં ચોરી થઈ છે. મંદિરના સીસીટીવી ફૂટેજ તપાસતા એક અજાણ્યો શખ્સ દાનપેટી ચોરીને સ્મશાન રોડ તરફ ભાગતો નજરે પડ્યો હતો. પૂજારીના અંદાજ મુજબ દાનપેટીમાં અંદાજે 3 હજાર રૂપિયાની રોકડ હતી. આ મામલે પૂજારી અમિતકુમાર સેવકે લુણાવાડા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી છે.

# આણંદ મનપાની ચૂંટણી 'આપ' લડશે

**કરમસદ-આણંદ** મહાનગરપાલિકાની આ પ્રથમ ચૂંટણી હોવાથી તમામ પક્ષો માટે પ્રતિષ્ઠાનો જંગ

(પ્રતિનિધિ) આણંદ તા 3

ગુજરાતમાં આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે કરમસદ આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં રાજકીય ગરમાવો તેજ બન્યો છે. નવરચિત કરમસદ-આણંદ મનપામાં સત્તા કબજે કરવા માટે તમામ પક્ષો વ્યૂહરચના ઘડી રહ્યા છે. જ્યાં ભાજપમાં ઉમેદવારોની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા હજુ ચાલુ છે અને કોંગ્રેસમાં દાવેદારોના નામ પર અસમંજસની સ્થિતિ પ્રવર્તી રહી છે, ત્યાં આમ આદમી પાર્ટીએ બાજી મારી છે. આમ આદમી પાર્ટી દ્વારા કરમસદ-આણંદ મનપાના વિવિધ વોર્ડ માટે કેટલાક ઉમેદવારોની સત્તાવાર રીતે જાહેર કરી દેવામાં આવી છે.

આ યાદી રાષ્ટ્રીય પોલિટિકલ સમિતિ અને ગુજરાત રાજ્ય ચૂંટણી સમિતિ દ્વારા સંયુક્ત રીતે જાહેર કરવામાં આવી છે. આ યાદી પર પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાની મંજૂરીની મહોર મારવામાં આવી છે. કરમસદ-આણંદ મનપાની આ પ્રથમ ચૂંટણી હોવાથી તમામ પક્ષો માટે પ્રતિષ્ઠાનો જંગ બની રહ્યો છે. ભાજપ અને કોંગ્રેસ હજુ આંતરિક પ્રક્રિયામાં વ્યસ્ત છે, ત્યારે આમ આદમી પાર્ટીએ વહેલી ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે.

### આણંદ જિલ્લા પંચાયત ચૂંટણી માટે 'આપ'ના ઉમેદવાર જાહેર

કમળાબેન સોલંકી (ભાદરણ), પટેલ ધ્રુવિકાબેન (બોચાસણ), સુમિત્રાબેન પઢીયાર (દહેવાણ), સ્નેહીકાબેન પિનલકુમાર (દાવોલ), રાઠોડ ગૌરીબેન રમેશભાઈ (ગોલાણા), પરમાર પ્રકાશભાઈ (કંકાપુરા), સુમિત્રાબેન અશોકભાઈ (કઠાણા), મંજુબેન જયેશભાઈ વાઘેલા (મહેળાવ), પુષ્પાબેન કમલેશભાઈ રાઠોડ (નગરા), રાઠોડ ઐયુબખાન (નાપાડ વાટા), ચેતનકુમાર પટેલ (વલાસણ), પરેશ ચૌહાણ (વરસડા), સોલાણીયા રાજુભાઈ ઠાકોર (વટાદરા)

### ક્યાં વોર્ડમાં કોને ટીકીટ મળી

| વોર્ડ નંબર | ઉમેદવારનું નામ | વોર્ડ નંબર | ઉમેદવારનું નામ |
|---|---|---|---|
| વોર્ડ નં. 1 | અતુલકુમાર જોહન પરમાર | વોર્ડ નં. 7 | કિરણ મિસ્ત્રી |
| વોર્ડ નં. 2 | નયનાબેન સ્વામી | વોર્ડ નં. 7 | પવન રાણા |
| વોર્ડ નં. 3 | આયશાબેન મોહસીન વ્હોરા | વોર્ડ નં. 10 | મૃણાલ ગોસ્વામી |
| વોર્ડ નં. 3 | બેનઝીર વોહરા | વોર્ડ નં. 11 | કિશન પઢિયાર |
| વોર્ડ નં. 3 | મોહમ્મદ તુફેલ મેમણ | વોર્ડ નં. 11 | રૂદ્ર જીગર ઠક્કર |
| વોર્ડ નં. 4 | એઝાઝ ખાન વહોરા | વોર્ડ નં. 11 | સુનંદાબેન મેકવાન |
| વોર્ડ નં. 5 | કલ્પેશકુમાર શિઓમન | વોર્ડ નં. 12 | પરમાર પ્રદિપ શાંતિલાલ |
| વોર્ડ નં. 6 | સરોજબેન શાહ | વોર્ડ નં. 12 | રુત્વિક બારોટ |
| વોર્ડ નં. 6 | મેહુલ વસાવા | વોર્ડ નં. 13 | અમિત વસાવા |
| વોર્ડ નં. 7 | જયશ્રીબેન મિસ્ત્રી | વોર્ડ નં. 13 | ગીતાબેન ચાવડા |
| વોર્ડ નં. 7 | અજય પ્રજાપતિ | વોર્ડ નં. 13 | ગીરીશ શેદલીયા |

# આણંદના નારીરત્નને નેશનલ એક્સેલન્સ એવોર્ડ એનાયત કરાયો

**ડો. અલ્પાબેન** પટેલને સામાજિક યોગદાન બદલ સ્વામી વિવેકાનંદ નેશનલ એક્સેલન્સ એવોર્ડ અપાયો

(પ્રતિનિધિ) આણંદ તા 3

આણંદ જિલ્લાની સામાજિક સેવાકીય ક્ષેત્રે અવિરત કાર્યરત અને મહિલાઓના અધિકારો માટે સશક્ત અવાજ બની રહેલા ડો. અલ્પાબેન સમીરભાઈ પટેલને "સ્વામી વિવેકાનંદ નેશનલ એક્સેલન્સ એવોર્ડ 2026" એનાયત થવાથી સમગ્ર ચરોતર ગૌરવ અનુભવી રહ્યું છે. દેશના વિખ્યાત વિચારક અને યુવા પ્રેરણાસ્ત્રોત સ્વામી વિવેકાનંદના નામે આપવામાં આવતા આ પ્રતિષ્ઠિત સન્માન દ્વારા ડો. અલ્પાબેન પટેલના સામાજિક યોગદાનને રાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી છે.

આ એવોર્ડ સમારોહ 'મિશન વિશ્વગુરૂ ભારત, નેશનલ કોન્ફરન્સ' અંતર્ગત શ્રીનગર, જમ્મુ-કાશ્મીર ખાતે આવેલા SKICC ખાતે ભવ્ય રીતે યોજાયો હતો. આ કાર્યક્રમનું



આયોજન સ્વામી વિવેકાનંદ ઈન્ટરનેશનલ પીસ સ્પિરિચ્યુઅલ કલ્ચરલ સેન્ટર તથા નેચરો ઓલ્ટરનેટીવ મેડિકલ સાયન્સ રિસર્ચ ફેડરેશન, ભારત દ્વારા કરવામાં આવ્યું હતું. સાથે સાથે ઝેનિથ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ અને વર્લ્ડ બુક ઓફ સ્ટાર રેકોર્ડ્સ જેવી સંસ્થાઓની સહભાગિતા પણ નોંધપાત્ર રહી હતી. ડો. અલ્પાબેન પટેલ 'નવ ગુજરાત સ્ત્રી અધિકાર સંઘ, આણંદ'ના સંસ્થાપક છે. છેલ્લા 20-22 વર્ષોથી તેઓ મહિલાઓના હક્કો, સુરક્ષા, શિક્ષણ અને સશક્તિકરણ માટે સતત સંઘર્ષ કરી રહ્યા છે. સમાજના પીડિત અને અવાજ વિનાના વર્ગોને ન્યાય અપાવવા માટે તેમની અડગ ઈચ્છાશક્તિ અને નિષ્ઠા તેમને એક પ્રેરણાદાયી વ્યક્તિત્વ બનાવે છે. તેમણે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મહિલાઓ માટે જાગૃતિ અભિયાન, કાનૂની માર્ગદર્શન કેમ્પ, અને આત્મનિર્ભરતા માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરીને અનેક પરિવારોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવ્યું છે. તેમની કામગીરી માત્ર આણંદ જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતમાં મહિલાઓ માટે આશાની કિરણ બની છે.

આ સન્માન તેમના લાંબા સમયથી ચાલતા સમર્પણ, નિષ્કામ સેવા અને અડગ સંઘર્ષનું ફળ છે. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રના આગેવાનો અને મહાનુભાવો દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને તેમના કાર્યને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ગણાવવામાં આવ્યું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
**જય એન્ટરપ્રાઈઝ**
**કિશોર પ્લાઝા,**
**આણંદ.**

**નડિયાદ**
**ઈશાન ન્યુઝ પેપર એજન્સી**
**સાગર ભુવન, ડભાણ**
**ભાગોળ, નડિયાદ**

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**